# પ્રવૃતિ

ગુજરાત રાજય રાજભાષા અધિનિયમ-૧૯૬૦ અન્વયે ગુજરાત રાજયમાં ગુજરાતી ભાષાનો રાજભાષા તરીકે સ્વીકાર કરવામાં આવતાં આ કચેરીની સ્થાપના કરવામાં આવી ત્યારથી આ કચેરીમાં ભાષાંતર-સંશોધન, ભાષા પરીક્ષાઓ, ગુજરાતી, હિંદી, અંગ્રેજી ભાષાના પ્રકાશનો વગેરે કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

૧. **ભાષાંતરઃ-** સચિવાલયના વિવિધ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ તથા રાજયની અન્ય કચેરીઓ તરફથી મળતા તમામ પ્રકારના કેસોનું ભાષાંતર તથા કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલો, તપાસ પંચના અહેવાલો તથા નાણા વિભાગના અંદાજપત્રના પ્રકાશનો, પુસ્તક/પુસ્તિકાઓનું ભાષાંતર કરવામાં આવે છે. આ કચેરીને ભાષાંતર માટે ૬૪ કેસો મળ્યા હતા જેનાં ૧૯૬૪ પૃષ્ઠ ભાષાંતર કરી આપવામાં આવ્યું હતું.

૨. **સંશોધન કામગીરીઃ-** 'ગુજરાતી કહેવત સંગ્રહ' અને 'શુદ્ધ ગુજરાતી જોડણી' પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યા છે.અગાઉ પ્રગટ થયેલા ૩૮ લઘુકોશોમાંથી જે લઘુકોશો અપ્રાપ્ય બનેલ છે તેના પુનઃ મુદ્રણ ની કામગીરી તથા નવા મહિલા અને બાળવિકાસ વિભાગનો ખાતાકીય લઘુકોશ પ્રસિદ્ધ કરવાની કામગીરી કરવામાં આવશે. તેમજ કચેરીના અપ્રાપ્ય પુસ્તકોનું પુનઃ મુદ્રણ કરવામાં આવશે. કચેરીનો ત્રિભાષી વહીવટી શબ્દકોશ સી.ડી. સ્વરૂપમાં ફેરવવામાં આવશે.

૩. **રાજભાષા ત્રૈમાસિકઃ-** ગુજરાત સરકારની પ્રસ્થાપિત રાજભાષા નીતિને વેગ આપવા આ કચેરી દ્વારા રાજભાષા ત્રૈમાસિક ગુજરાતીના ચાર અંક અને રાજભાષા હિન્દી ત્રૈમાસિકના ચાર અંક બહાર પાડવામાં આવેલ છે.

૪. **ગુજરાતી-અંગ્રેજી અને હિન્દી ભાષાના તાલીમવર્ગોઃ-** સરકારશ્રીની રાજભાષા નીતિને અનુલક્ષીને આ કચેરી દ્વારા ઓપવર્ગોનું સંચાલન કરવામાં આવે છે. ૨(બે) જિલ્લામાં ૩(ત્રણ) શુદ્ધ ગુજરાતી ભાષાના તાલીમવર્ગો, હિન્દી ભાષાના ૨(બે) વર્ગ તથા અંગ્રેજી ભાષાના ૩(ત્રણ) તાલીમ વર્ગો યોજવામાં આવેલ છે. તે મુજબ વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં પણ આ તાલીમવર્ગો યોજવામાં આવશે.

૫. **રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદઃ-** ૨૦૦૭-૨૦૦૮ના વર્ષમાં ૪(ચાર) જિલ્લા મથકોએ રાજભાષા પ્રદર્શન યોજવાનું નકકી થયેલ છે, જે પૈકી બે રાજભાષા પ્રદર્શન (૧) ઉના તા.૨૪-૫-૦૭ અને (૨) બારડોલી તા. ૬-૭-૦૭ના રોજ પરિસંવાદ યોજવામાં આવેલ છે અને બે પ્રદર્શન યોજવાની સંભાવના છે. આજ પ્રમાણે ૨૦૦૮-૨૦૦૯માં પણ ૪(ચાર) રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદ યોજવામાં આવશે.

૬. **સનદી અધિકારીઓને ગુજરાતી ભાષાની તાલીમઃ-** ૨૦૦૮-૨૦૦૯ના વર્ષમાં અખિલ ભારતીય સેવાના આઇ.એ.એસ., આઇ.પી.એસ. અનેઆઇ.એફ.એસ. અધિકારીઓને બે અઠવાડિયાની પ્રથમ તબકકાની તાલીમ આપવાની જોગવાઇ છે જે મુજબ રાજય સરકારને ફાળવેલ આવા સનદી અધિકારીઓને તાલીમ આપવામાં આવશે.

૭. **પરીક્ષાઓઃ-** સરકારી કર્મચારીઓ માટેની ગુજરાતી, હિન્દી ભાષાની પરીક્ષાઓ, ઉચ્ચતર પ્રાવિણ્ય પરીક્ષા, ભાષા કૌશલની પરીક્ષા, લઘુલિપિકો માટેની સ્વૈચ્છિક શ્રુત લેખન અને ઐચ્છિક ભાષા પરીક્ષા સરકારશ્રીની રાજભાષા નીતિ મુજબ ૨૦૦૮-૨૦૦૯માં પણ નિયત સમયે લેવામાં આવશે.

૮. **કોમ્પ્યુટરાઇઝેશનઃ-** ભાષા નિયામકની કચેરીનું ૨૦૦૭-૨૦૦૮ દરમિયાન સંપૂર્ણ રીતે કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે તેને ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન વધુ સુસજ્જ બનાવવામાં આવશે.